

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ પ્રાયોજિત ભવન્સ કલ્ચરલ સેન્ટર અંધેરી પ્રસ્તુત ચિત્રલેખા નાટ્ય સ્પર્ધા-૨૦૧૬ પારિતોષિક વિતરણમાં મુંબઈ ખાતે ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્રના કલાકારોએ ભાવિન પટેલના નેતૃત્વ હેઠળ ગરબો રજૂ કર્યો જે ઉપરાંત વડોદરા, પોરબંદર, ડાંગ વગેરેના કલાકારોએ લોકનૃત્યો રજૂ કર્યા. જેમાં પરમ પૂજ્ય મોરારીબાપૂની ઉપસ્થિતિ હતી. અને કલાકારોને બિરદાવ્યા હતા. રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ શ્રી યોગેશ ગઢવી, સભ્ય સચિવ શ્રી બિપીનભાઈ તલાટી ઉપરાંત ગુજરાતી તખ્તાના જાણીતા કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગર એસ.ટી. ડેપોમાં સલામતીના નામે મીંડું

ગાંધીનગર તા ૧૭

શહેરના એસ ટી ડેપોમાં સલામતી વ્યવસ્થાના નામે મીંડુ છે. પોલીસ પહેરાના અભાવે પીક પોકેટીંગ સહીતના ગુન્હાઓ વધી ગયા છે. અગાઉ રેન્જ આઈ જી પી દ્વારા સુચના આપવામાં આવી હોવાછતાં ડેપો સંકુલમાં મુસાફરોની સલામતી માટે કોઈ નક્કર આયોજન કરવામાં આવ્યુ નથી. બીજીતરફ ખિસ્સાકાતરૂઓને પણ ખુલ્લો દૌર મળ્યો છે.

**પોલીસ ચોકી માટે જગ્યા ફળવાતી નથી : પોલીસ પહેરાના અભાવ વચ્ચે મુસાફરોના ખિસ્સા કપાય છે**

શહેરના એસ ટી ડેપોમાં લાંબા સમયના અંતે પણ કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે કોઈ નક્કર આયોજન કરવામાં આવ્યુ નથી. છેલ્લા કેટલાક વર્ષોથી ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે સ્થાનિક જાગૃત નાગરિકો તેમજ મુસાફરો દ્વારા પ્રબળ માંગ કરવામાં આવી રહી છે. એસ ટી ડેપો સંકુલમાં વારંવાર બસમાં ચઢતા મુસાફરોના ખિસ્સા કાતરવાના બનાવો બનતા ફફડાટ પ્રવર્તયો છે. જયારે ડેપોમાં જાણભેદુ શખ્સો દ્વારા પીક પોકેટીંગ તેમજ ચેઈન સ્નેચીંગ તકનો લાભ ઉઠાવી હાથફેરો કરવામાં આવે છે. હાઈટેક બનતા ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા કવાયત હાથ ધરવામાં આવી છે. ત્યારે નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં જ સલામતી વ્યવસ્થાના નામે મોટુ છીંડુ છે. ડેપો સંકુલમાં ઘણીવાર હાથફેરો કરતા જાણભેદુ શખ્સોને મુસાફરો દ્વારા ઝડપી પોલીસને હવાલે કરવામાં આવે છે. આમછતા એસ ટી નિગમની આંખો ખુલતી નથી. ડેપોમાં પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવામાં આવતી નથી. અગાઉ રેન્જ આઈ જી હસમુખ પટેલ દ્વારા ડેપોમાં સલામતી વ્યવસ્થા માટે પોલીસ પહેરો રાખવા માટે પણ સુચના આપવામાં આવી હતી. પરંતુ હાલમાં ડેપો સંકુલમાં તસ્કરી વૃતિ બન્દાસ્ત બની છે. કાયમી ધોરણે ચોકી કાર્યરત થાય તેવી માંગ ઉઠવા પામી છે.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... તમારી આ સાઉન્ડ સીસ્ટમ આપો... છોકરાવ ઉત્તરાયણની ડીજે સીસ્ટમનો સાઉન્ડ સાંભળ્યા પછી... મારું બોલેલું સાંભળી શકતા નથી...!!

## ફેબ્રુઆરી સુધીમાં ૮૫૦૦ પસંદગી પામેલા પોલીસ કર્મીઓને પોલીસ તાલીમ શાળામાં મોકલી અપાશે

ગાંધીનગર, તા. ૧૭

પોલીસતંત્રમાં પોલીસકર્મીની ઘટ દૂર કરવા ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા એક વર્ષની લાંબી શારીરિક અને લેખિત પરીક્ષાના અંતે રાજ્યભરના જુદા જુદા જિલ્લામાંથી ૮૫૦૦ જેટલા કોન્સ્ટેબલ, એએસઆઈ અને પીએસઆઈની ભરતી કરવામાં આવી છે. જેમાં પસંદગી પામેલા પોલીસ કર્મીઓ માટે ૨૦મી જાન્યુઆરીથી મેડીકલ ચેકઅપ બાદ ૧૫ ફેબ્રુઆરી સુધીમાં જુદી જુદી તાલીમ શાળામાં મોકલી દેવામાં આવશે.

ગુજરાત પોલીસ બેડામાં છેલ્લા ઘણા સમયથી પોલીસકર્મીઓની સતત મોટી ઘટ વર્તાઈ રહી છે. આ ઘટને દૂર કરવા અને જુદા જુદા પોલીસ વિભાગોમાં ખાલી જગ્યા ભરવા વર્ષ ૨૦૧૫માં ૮,૦૦૦ જેટલા એએસઆઈ અને કોન્સ્ટેબલ તથા ૫૦૦ જેટલા પીએસઆઈની ભરતી કરવા જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી હતી. પોલીસ ભરતી બોર્ડે એક વર્ષની લાંબી પ્રક્રિયા બાદ રાજ્યભરમાંથી શારીરિક, લેખિત અને મૌખિક કસોટીના અંતે તમામ ૮૫૦૦ પોલીસ કર્મીની પસંદગી કરાઈ હતી. તમામ ભરતી પ્રક્રિયાના અંતે પસંદગી પામેલા પોલીસ કોન્સ્ટેબલ, એએસઆઈ અને પીએસઆઈના ઉમેદવારો માટે આગામી ૨૦મી જાન્યુઆરીથી મેડીકલ ચેકઅપ શરૂ કરવામાં આવશે અને ત્યાર પછી તા. ૧૫ ફેબ્રુઆરી સુધીમાં રાજ્યની જુદી જુદી પોલીસ તાલીમ શાળામાં મોકલી આપવામાં આવશે. જેથી ટુંક જ સમયમાં પોલીસ બેડામાં સંખ્યા બળનો વધારો થશે.

## મેટ્રો રેલના ત્રીજા તબક્કામાં ગાંધીનગરને સાંકળી લેવાશે

ગાંધીનગર, તા. ૧૭

એપીએમસી માર્કેટથી મોટેરા સુધીના મેટ્રો રેલ પ્રોજેક્ટના દ્વિતિય તબક્કાના ૧૯ કિ.મી. કાર્યનું ભૂમિપૂજન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ અવસરે તેઓએ મેટ્રો રેલના ત્રીજા તબક્કામાં ગાંધીનગરને પણ સાંકળી લેવાના આયોજનની ભૂમિકા આપી હતી.



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે અમદાવાદ મેટ્રો રેલનું કાર્ય નિશ્ચિત સમયાવધિમાં આગામી ૪ જ વર્ષમાં પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ મેટ્રો રેલ પ્રોજેક્ટ અમદાવાદ મહાનગરની શિકલ-સૂરત બદલનારો પ્રોજેક્ટ બનવાનો છે તેની ભૂમિકા આપતા જણાવ્યું કે, ગુજરાતના આવા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને અગાઉની કેન્દ્ર સરકારે અવરોધવામાં કોઈ કસર છોડી ન હતી.

વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ શાસન સંભાળતા જ નર્મદા યોજના, મેટ્રો જેવા પ્રોજેક્ટના અટકેલા કામોને ત્વરિત પરવાનગી આપી છે. તેનો હર્ષ વ્યક્ત કરતા મુખ્યમંત્રીશ્રીએ જાપાનના સહયોગથી ૧૦૪૭૧ કરોડની જાયકાની લોન પણ શ્રી નરેન્દ્રભાઈના સફળ પ્રયાસોથી મેટ્રો રેલ પ્રોજેક્ટને મળી છે તે આ પ્રોજેક્ટમાં નવી ગતિ-ઝડપ લાવશે તેમ ગૌરવપૂર્વક જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ દિવસ-રાત ચહુદિશ વિસ્તરતા જતા અમદાવાદ મહાનગરના નાગરિકોને યાતાયાત સુવિધાનું સુગ્રથિત માળખુ આપવાના હેતુથી બીઆરટીએસ, એમટીએસ અને મેટ્રો રેલની ઈન્ટીગ્રેટેડ સુવિધાઓ વિકસાવવાની નેમ વ્યક્ત કરી હતી. તેમણે મેટ્રો રેલના ત્રીજા તબક્કામાં ગાંધીનગરને પણ સાંકળી લેવાના આયોજનની ભૂમિકા આપી હતી.

અમદાવાદને મેટ્રો રેલની ભેટ આપનારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના 'ક્લીન ઈન્ડીયા'ના સંકલ્પને પાર પાડવા પ્રત્યેક અમદાવાદી સ્વચ્છતા દ્વારા ક્લીન અમદાવાદની ભેટ આપે અને સ્વચ્છ ભારતમાં સૂર પુરાવે તેવો અનુરોધ શ્રીમતી આનંદીબહેને કર્યો હતો.

આ પ્રસંગે રાજ્યમંત્રી મંડળના મંત્રીશ્રીઓ સર્વશ્રી નિતીનભાઈ, સૌરભભાઈ, શંકરભાઈ, પ્રદિપસિંહ, સાંસદ ડૉ. સોલંકી, અમદાવાદના મેયર શ્રી ગૌતમ શાહ અને ધારાસભ્યો, મહાનગર પાલિકાના પદાધિકારીઓ



શ્રી શાંતા બા મહિલા સેવા ટ્રસ્ટ તરફથી ઉત્તરાયણના દિવસે ગરીબોને શેરડી, જામફળ, બોર, બિસ્કીટ, મમરાના લાડુ અને તલની ચિક્કીનું વિતરણ કરેલ હતું તેમ શ્રી શાંતાબા મહિલા સેવા ટ્રસ્ટ ગાંધીનગરના સુમિત્રાબેન બી. ભાવસારે જણાવેલ છે.



ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામે ખેતરવાળી ચેહરમાતા મંદિરે દ્વિતીય પાટોત્સવનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ઓટલી હવન યોજી તેમાં આહુતિઓ આપવામાં આવી હતી. આ પ્રસંગે જયંતિભાઈ પ્રજાપતિ પરિવાર દ્વારા અન્નકૂટ પણ ભરવામાં આવ્યો હતો. જેના દર્શનાર્થે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં દિનેશભાઈ ઓઝા સહિત અન્ય કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

## ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે બેલાસ્ટીક રીસર્ચ સેન્ટરનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે એશિયાની સૌપ્રથમ બેલાસ્ટીક રીસર્ચ સેન્ટર અને ટેસ્ટિંગ રેન્જની સુવિધાઓ શરૂ કરવામાં આવેલ છે. આ બેલાસ્ટીક રીસર્ચ સેન્ટર અને ટેસ્ટીંગ રેન્જનું ઉદ્‌ઘાટન અધિક મુખ્ય સચિવ (ગૃહ) શ્રી પી.કે. તનેજા, આઈ.એ.એસ.ના હસ્તે કરવામાં આવ્યું છે.

આ સુવિધા એશીયામાં સૌપ્રથમ શરૂ કરવામાં આવેલ છે. જેનાથી બુલેટપ્રુફ આર્મડ વેહીકલ ટેસ્ટીંગ ભારતમાં થઈ શકશે. અત્યાર સુધી ભારતની કંપનીઓ બુલેટપ્રુફ વેહીકલના ટેસ્ટીંગ માટે વાહનને દેશ બહાર મોકલવા અને પાછા લાવવા માટેની જરૂરી કાર્યવાહીમાં સારો એવો સમય પસાર થતો હતો. તેમજ ટેસ્ટીંગનો ચાર્જ ખૂબ ઉંચો હોવાથી ભારતના ઉત્પાદકો આ ક્ષેત્રમાં ઓછા પ્રમાણમાં રસ દાખવતા જોવા મળેલ. આ સગવડો ઉભી થવાથી દેશમાં નવા ઉત્પાદકો આ ક્ષેત્રમાં ઝંપલાવશે અને વડાપ્રધાનશ્રીનું મેક ઈન ઈન્ડિયાનું સ્વપ્ન સાકાર કરવામાં વેગ મળશે.

આ સેન્ટરમાં અત્યંત આધુનિક ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ પ્રમાણે આર્મરડ વેહીકલ, બુલેટ પ્રુફ હેલમેટ, જેકેટ, મેટલ સીટ વિગેરેની ટેસ્ટીંગની અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના મહાનિયામકશ્રી ડૉ. જે.એમ. વ્યાસ, પોલીસ મહાનિર્દેશક શ્રી પી.સી. ઠાકુર, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર શ્રી શીવાનંદ ઝા, આઈપીએસ, ઈન્સ્ટીટ્યુટ ઓફ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટના નિયામકશ્રી પ્રો. વાય.કે. અગ્રવાલ, ઈન્સ્ટીટ્યુટ ઓફ ફોરેન્સિક સાયન્સના નિયામકશ્રી ડૉ. એમ. એસ. દહિયા, ઈન્સ્ટીટ્યુટ ઓફ બીહેવીરયલ સાયન્સના નિયામકશ્રી પ્રો. સી. આર. મુકુન્દન અને રજીસ્ટ્રાર - શ્રી સી.ડી. જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

## આર્ટ ઓફ લીવીંગ, ગાંધીનગર દ્વારા હેપીનેસ પ્રોગ્રામ, આર્ટ એક્સલ, યસ અને સહજ સમાધિ ધ્યાનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

પરમ પૂજ્ય શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત આર્ટ ઓફ લીવીંગ સંસ્થાના ગાંધીનગર એકમ દ્વારા ૧૮ વર્ષથી મોટી ઉંમરના માટે તા. ૧૯-૧-૨૦૧૬ થી ૨૪-૧-૨૦૧૬ દરમ્યાન સાંજે ૬.૩૦ થી ૯.૩૦ હેપીનેસ પ્રોગ્રામનું આયોજન બીજો માળ, મેઘમલ્હાર કોમ્પલેક્ષ, સે.૧૧ ખાતે કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં સ્વસ્થ શરીર, માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતી માટે સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવેલ છે. આ શિબિર થકી આત્મવિશ્વાસ, યાદશક્તિ, ગ્રહણશક્તિ, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વક્તૃત્વ શક્તિ ખીલે છે. આ શિબિરનો મુખ્ય હેતુ આજના લોકોમાં મુખ્યત્વે રહેલ તનાવ તથા અન્ય નકારાત્મક લાગણીઓથી જેવી કે ગુસ્સો, ડર, ઈર્ષ્યા, શરમ, નિરાશ, અણગમો, જીદ્દીપણા, વગેરેથી મુક્ત થઈ દરેક વ્યક્તિ વિશ્વસ્તરે આગળ વધી શકે અને તણાવ રહિત વ્યક્તિ થકી હિંસામુક્ત સમાજ બને તે છે. બાળકો (ઉં.૮ થી ૧૨ વર્ષ) માટે આર્ટ એક્સલ કોર્સ અને યુવાઓ (ઉં.૧૩ થી ૧૭ વર્ષ) માટે યસ કોર્સનું આયોજન સંસ્થા દ્વારા ૧૯ થી ૨૩ જાન્યુઆરી, સાંજે ૪ થી ૬ દરમ્યાન તેજ સ્થળે કરવામાં આવેલ છે. આ શિબિરમાં ચીલ્ડ્રન ક્રિયા, સુદર્શન ક્રિયા, પ્રાણાયમ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓ દ્વારા ભણતર અને જીવનનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવેલ છે. સહજ સમાધિ ધ્યાન તા. ૨૦થી ૨૨ જાન્યુઆરી સવારે ૬.૩૦ થી ૮.૩૦ દરમ્યાન તેજ સ્થળે અને સાંજે ૭.૪૫ થી ૯.૪૫ દરમ્યાન જીઈબી કોલોની ખાતે યોજવામાં આવેલ છે. ભાગ લેવા તથા અન્ય માહિતી માટે શિબિર સ્થળ પર અથવા સુરેશભાઈ પરમારનો ૯૪૨૬૩૦ ૦૩૦૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## ગ્રાન્ડ ભગવતી હોટલમાં આગ લાગી : નવ દાઝ્યા

શહેરના એસ જી હાઈવે પર આવેલી ગ્રાન્ડ ભગવતી હોટેલમાં ગઈકાલે રાત્રે રસોડાના ગેસના બાટલામાં આગ લાગી હતી. આ ઘટના બનતાં ૯ કર્મચારીઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. જેઓને સારવાર અર્થે સ્ટલીંગ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ ફાયર બિગ્રેડને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાની જાણ વસ્ત્રાપુર પોલીસને કરતા તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તપાસ હાથ ધરી હતી. સુત્રો મુજબ શહેરના એસ જી હાઈવે પર આવેલી ગ્રાન્ડ ભગવતી હોટેલના રસોડામાં એલપીજી ગેસનો બાટલો અચાનક લીક થતા ભીષણ આગ લાગ્યું હતું. આ ઘટના ત્યાં હાજર કર્મચારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી અને ભયની લાગણી ફેલાઈ હતી. આ ઘટનામાં આગ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. જ્યાં કામ કરી રહેલા ૧૯ કર્મચારીઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. આ ઘટનાની જાણ ફાયરબિગ્રેડને કરતાં તાબડતોડ જવાનો સાથે ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા. અને સતત પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવાનોં પ્રયાસ કર્યો હતો. જો કે, આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તે પહેલા આગને કાબુમાં લીધી હતી. ગંભીર રીતે દાઝેલા કર્મચારીઓને સારવાર અર્થે તાત્કાલિક સ્ટલીંગ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭